પ્રાથમિક શાળાઓના ઉપલા ધોરણમાં વિષય શિક્ષકો મુકવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક :પીઓઆરઈ-૧૩૮૯/ ૧૨૨૮/ ક,
સચિવાલય, ગાંધીનગર.

તારીખ:૧૯/૭/૧૯૮૯

વંચાણમાં લીધો :-

૧. શિક્ષણ અને મજૂર વિભાગનો તા:૩૧/૫/૬૫ નો ઠરાવ ક્રમાંક:પીઓઆરઈ-૧૩૬૫/ક
૨. શિક્ષણ અને મજૂર વિભાગનો તા:૧૧/૨/૬૯નો સુધારો ક્રમાંક:પીટીસી-૧૦૬૭/૯૧૫૭૯/ક
૩. શિક્ષણ અને મજૂર વિભાગનો તા:૨૨/૧૦/૭૦ નો ઠરાવ ક્રમાંક:પીઓઆરઈ-૧૩૬૫-૪૯૯૪૭/ક
૪. શિક્ષણ અને મજૂર વિભાગનો તા:૧૫/૨/૭૩ નો ઠરાવ ક્રમાંક:પીઓઆરઈ-૧૩૬૫-૩૭૩૩/ક
૫. શિક્ષણ અને મજૂર વિભાગનો તા:૮/૬/૭૩ નો ઠરાવ ક્રમાંક:પીઓઆરઈ-૧૦૭૦-૧૫૦૪૧/ક
૬. શિક્ષણ વિભાગનો તા:૩૦/૧૦/૮૦ નો ઠરાવ ક્રમાંક:પીઓઆરઈ-૧૩૮૦-૬૦૫૯૧/ક
૭. શિક્ષણ વિભાગનો તા:૫-૨-૮૮ નો ઠરાવ ક્રમાંક:પીઓઆરઈ-૧૩૮૭/૭૬૨/ક
૮. શિક્ષણ વિભાગનો તા:૫-૧૦-૮૮ નો પરિપત્ર ક્રમાંક:પીઓઆરઈ-૧૩૮૮-૨૫૫૫-ક

ઠ રા વ :-

પ્રાથમિક શાળાઓના ઉપલા ધોરણમાં હિન્દી, ચિત્રકામ, વ્યાયામ અને સિવણ જેવા વિશિષ્ટ વિષયો વધુ સારી રીતે શીખવી શકાય તેહેતુથી તે વિષયોના ખાસ તાલીમી શિક્ષકોની ભરતી કરવા અને તેની લાયકાતો નક્કી કરવામાટે જુદા જુદા સમયે ઠરાવો /સુધારા/પરિપત્રો બહાર પાડવામાં આવ્યા છે. આવા ઠરાવો/સુધારા/ પરિપત્રોને સંકલિત કરીને વહીવટી પધ્ધતિ સરળ બને તેમાં ઉપયોગી થાય તે આશયથી નીચે મુજબ સંકલિત ઠરાવો બહાર પાડવામાં આવે છે.

૨. પ્રાથમિક શાળાઓના ઉપલા ધોરણોમાં એટલે કે ધો.૫, ૬ અને ૭ માં હિન્દી, ચિત્રકામ, વ્યાયામ, સંગીત સિવણ અને સી.પી.એડ જેવા વિશિષ્ઠ વિષયો વધુ સારી રીતે શીખવી શકાય તે હેતુથી સરકારશ્રી એવું ઠરાવે છે કે આવા વિષયો શીખવવા માટે જે તે વિષયોના ખાસ તાલીમી વિષય શિક્ષકોની ભરતી કરવી અને તેમની જરુરી લાયકાતો નીચે પ્રમાણે મકરર કરવી.

(૧) પ્રાથમિક શિક્ષકોની જે જગાઓ પુરવામાં આવે તે જગાઓની (એટલે કે નવી ભરતીના) ૧૫ ટકા વિષય શિક્ષકો માટે અને ૫ ટકા સી.પી.એડ (બધા વિષયો મળીને) જગાઓથી વધુ નહીં એટલી જગાઓ ઉપરોક્ત ખાસ વિષયના જાણકાર ઉમેદવારોથી પુરવાની ભલામણ કરવામાં આવે છે. અને તે ઉમેદવારનું પ્રમાણ જરૂરિયાત પ્રમાણે નક્કી કરવા દરેક શિક્ષણ સમિતિને આથી પરવાનગી આપવામાં આવે છે.

(૨) આવા વિષય શિક્ષકો માટે લાયકાતનું ધોરણ નીચે મુજબ રાખવાનું ઠરાવવામાં આવે છે.

એસ.એસ.સી. પરીક્ષા અથવા તેની સમકક્ષ પરીક્ષા ઉત્તીર્ણ, ઉપરાંત નીચે મુજબની ખાસ લાયકાત નક્કી કરવામાં આવે છે.

(અ) <u>ચિત્ર શિક્ષક</u> :- ડી.ટી.ઈ.સી. પરીક્ષા.

(બ) <u>શારીરિક શિક્ષક</u> :-
સર્ટીફીકેટ ઓફ ફીઝીકલ એજ્યુકેશન.

(ક) <u>સિવણ શિક્ષક</u> :-

સરકારના તાંત્રિક શિક્ષણ ખાતા તરફથી અપાતા ટીચર્સ ડીપ્લોમા ઇન નીડલ ક્રાફ્ટ અથવા ટેલરીંગ કોર્સ ઇન વીમેન ચીલ્ડ્રન ગારમેન્ટ્સ.

(ડ) <u>સંગીત શિક્ષક</u> :-

સરકારશ્રીની માન્ય સંસ્થાની સંગીત વિશારદ પરીક્ષા પાસ તથા એસ.એસ.સી. પાસ પરંતુ અંધજનો માટે ફક્ત સરકાર માન્ય સંસ્થાની સંગીત વિશારદ કે તેની સમકક્ષ પરીક્ષાનું પ્રમાણપત્ર.

(ઇ) જો બીજી બધી રીતે યોગ્ય હોય તો ફક્ત સંગીત શિક્ષકની જગા માટે અંધજનોને પસંદગી માટે અગ્રતા આપવી.

૩. આવા વિષય શિક્ષકોને જુનિયર પી.ટી.સી. સમકક્ષ ગણવામાં આવે છે. અને જુનિયર પી.ટી.સી.ને મળતો પગાર દર આપવાનું ઠરાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પ્ર.હિ. વસાવા
સેક્શન અધિકારી,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,
પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગાંધીનગર.
વિકાસ કમિશનરશ્રી, ગાંધીનગર.
સર્વે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ.
સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
સર્વે શાસનાધિકારીશ્રીઓ/ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિઓ.
એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ.
સિલેક્ટ ફાઇલ 'ક' શાખા, શિક્ષણ વિભાગ.
એક્ઝામીનર લોકલ ફંડ એકાઉન્ટ્સ, અમદાવાદ.